પાલજથી લવારપુર જવાના માર્ગ પર આજે અચાનક ટ્રેક્ટર ચાલકે કાબુ ગુમાવતા ટ્રેક્ટર માર્ગ પર પલટી ખાઈ ગયુ હતુ. આ અકસ્માતમાં ટ્રેક્ટર ચાલક ફસાઈ જતા આસપાસના ખેતરમાંથી નાગરીકો દોડી આવ્યા હતા અને ટ્રેક્ટરચાલકને બચાવ્યો હતો.

પાટણની ઘટનાને લઈ થરાદમાં ત્રણ તાલુકાના દલિત સંગઠન દ્વારા આવેદનપત્ર અપાયું

પાટણ આત્મવિલોપન ઘટનાને લઈ થરાદ વાવ અને સૂઈગામ તાલુકાના દલિત કાર્યકર્તાઓએ સોમવારે દલિત સમાજના પડતર પ્રશ્નોના નિરાકરણના મુદ્દે રેલી સ્વરૂપે સૂત્રોચાર સાથે નાયબ કલેક્ટર કચેરી આગળ ધસી આવી થરાદ નાયબ કલેકટરને ઉદ્દેશીને લખેલ આવેદન પત્ર મામલતદારને આપ્યું હતું. જેમાં તેમણે ભાનુભાઈના મુદ્દે સરકારે આપેલી લેખિત બાહેધરીનો

તાત્કાલિક અમલ કરવાની માગણી કરી ભાનુભાઈના પરિવારની તમામ માગણીઓ પૂર્ણ કરવા ઉપરાંત થરાદ વાવ સૂઈગામ તાલુકામાં જમીન ટોચ મર્યાદા સરકારી પડતર પ્રશ્નો અને સરકારી પડતર જમીનો ફાજલ જાહેર કરી ગરીબ કુટુંબોને તાત્કાલિક ફાળવણી કરવી,અનુ. જાતિ માટે અલગ સ્મશાનભૂમિ નીમ કરવી,રાહતના મફત પ્લોટો ફાળવવા,ગ્રામ પંચાયતોમાં સામાજીક ન્યાય સમિતિની રચના કરી તેમને મળેલ બંધારણીય જોગવાઈ પ્રમાણે હકકો આપવાની માગણી કરી હતી. તેમજ આ આવેદનપત્ર અને છેલ્લું ગણાવી એક મહિનામાં તેમના પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. મામલતદાર ગરાસિયાએ આવેદનપત્ર સ્વીકારી ઉચ્ચસ્તરે મોકલી આપવાની ખાતરી આપી હતી.તે પૂર્વે દલિત કાર્યકરોએ ડો.બાબા સાહેબની પ્રતિમા આગળ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ રાખી ભાનુભાઈ પરમારને શ્રદ્ધાંજલિ આપી હતી.

રાજ્યભરમાં દલિતો પર અત્યાચારને લીધે પરિસ્થિતિ દિન-પ્રતિદિન અત્યંત ખરાબ થઈ રહી છે. છેક થાનગઢથી શરૂ થયેલો દલીતો પર દમનનો આ સીલસીલો રાજ્યમાં ચાલુ જ રહ્યો છે. વર્તમાન સરકારની દલિત વિરોધી માનસિકતાની બંધારણ મુજબના વહીવટ ઉપર અસર ના પડે તે જોવાની જવાબદારીમાંથી છટકી રહેલ સરકારના અભિગમ સામે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત કર્યું હતું.

માણસાના રિદ્રોલ ગામે ગેસ ગળતર : ૪ પશુના મોત

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના રિદ્રોલ ગામે ગેસ ગળતર થતાં જિલ્લાભરમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે ગેસ ગળતરની આ ઘટનાને પગલે ૪ જેટલા પશુઓએ જાન ગુમાવ્યા છે તો પાંચ જેટલી વ્યક્તિઓને અસર થતાં તેમને સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે કોલ્ડ સ્ટોરેજમાં એમોનિયા ગેસની ટેન્ક ફાટતાં આ દુર્ઘટના સર્જી હતી. તાત્કાલિક આ બનાવની જાણ થતાં માણસા, ગાંધીનગર તેમજ ઈફકોની ફાયર બ્રિગેડની ટીમો ત્યાં પહોંચી હતી. અમદાવાદથી પણ નિષ્ણાતોની ટીમ ફાયર ટીમ સાથે આવી પહોંચી હતી.

જિલ્લા તંત્રને જાણ થતાં કલેક્ટર, ડી.ડી.ઓ., ડી.એસ.પી. સહિતના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. રિદ્રોમાં પરિસ્થિતિ થાળે પડી ગઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.

જિલ્લામાં ગેસ ગળતરની આ વર્ષમાં પહેલી ઘટના સામે આવી છે. જિલ્લા તંત્રએ પણ સલામતીના જરૂરી પગલાં લેવા માટે સત્તાવાળાઓને તાકીદ કરી છે અને આ બનાવ અંગે તપાસના હુકમો કર્યા છે.

આ બનાવની જાણ થતાં ભાજપ કોંગ્રેસના આગેવાનો પણ રિદ્રોલ દોડી ગયા હતા અને બચાવની કામગીરીમાં જોતરાયા હતા.

રેલ્લાવાડા ખાતે રીલાયન્સનું ટાવર શરૂ થશે ખરૂ ?

મેઘરજ તાલુકાના રેલ્લાવાડા ખાતે રીલાયન્સનું જીઓ ટાવર નાખતાની સાથે જ ફોનના રસીયાઓએ સીમકાર્ડ જીઓનું લાવ્યા - મોબાઈલ બદલ્યા અને ખર્ચા કર્યા કારણ કે લાંબા સમય સુધી મફતમાં સતત વાત થયા કરે પરંતુ આ સ્વપ્ન જેવુ લાગ્યુ. ૫ માસથી ટાવર ઉભુ છે પરંતુ લાઈટનું કનેક્શન નથી લીધુ અને ડીસ મુકવામાં નથી આવી જેથી ગ્રાહકોએ ફોન કરવા ધાબા ઉપર વારંવાર ચઢવુ પડે છે. અને વાત થાય છે પરંતુ આવતા ફોન રીસીવ થતા નથી. કુણોલ ખાતેનું રીલાયન્સનું ટાવર રેલ્લાવાડા, ખાખરીયા, તરકવાડા, ઈસરી સુધી પકડાતુ નથી. જેથી નવા ફોન લેનારા અને જીઓનું કાર્ડ બદલનારા પસ્તાયા છે. તસવીરમાં રેલ્લાવાડાના રીલાયન્સ ટાવરની ઝાંખી થાય છે. ગ્રાહકો જીઓ ટાવર જલ્દીથી શરૂ થાય તેની રાહ જુએ છે.

ડીસાના વેપારી અગ્રણીનું માર્ગ અકસ્માતમાં કરૂણ મોત

બનાસકાંઠા જિલ્લાના માર્ગો વાહનચાલકોની મનમાનીથી રોજેરોજ રક્તરંજીત બની રહ્યા છે. અને ઉતાવળિયા વાહનચાલકોની અવળચંડાઈથી સર્જાતા ગોઝારા અકસ્માતો નિર્દોષ લોકોની જિંદગીને

જોખમાવી રહ્યા છે.

બનાસકાંઠામાં માર્ગ અકસ્માતોની વધતી જતી ઘટનાઓ વચ્ચે આજે વહેલી સવારે ડીસા નજીક સર્જાયેલી હિટ એન્ડ રનની વધુ એક ઘટનામાં ડીસાના વેપારી અગ્રણીનું કરુણ મોત નીપજ્યું છે.આજે વહેલી સવારે ડીસા તાલુકાના વડાવલ ગામ નજીક ડીસા-રાધનપુર હાઈવે પર કોઈ અજાણ્યો વાહનચાલક રોડ પરથી પસાર થઈ રહેલી કારને ટક્કર મારી ફરાર થઈ જતા કારમાં બેઠેલા ડીસાના વેપારી અગ્રણી નવીનભાઈ ગગલદાસ વિરવાડિયાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું જ્યારે તેમના કાકાને ગંભીર ઈજાઓ થઈ હતી.આ ઘટનામાં કારમાં સવાર કાકા-ભત્રીજા પૈકી કાકાની નજર સામે જ ભત્રીજાનું કમકમાટીભર્યું મોત નોપજ્યું હતું જ્યારે ગંભીર રીતે ઘવાયેલા ઈજાગ્રસ્ત કાકાને સારવાર માટે ખસેડાયા હતા. આ અકસ્માત સંદર્ભે પોલીસે અજાણ્યા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ભિલોડા તાલુકામાં દેશી વિદેશી દારૂની રેલમછેલ

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં દેશી-વિદેશી દારૂની રેલમછેલ થઈ રહી છે. ભિલોડા તાલુકાના સીલાસણ ગામ પાસેથી ઓટો રીક્ષામાંથી પાસ પરમીટ વગરનો પરપ્રાંતિય રૂા. ૨૩,૨૦૦/-નો વિદેશી દારૂ ઝડપાયો હતો. અરવલ્લી જીલ્લા એલ.સી.બી. પોલીસ ટીમ ધ્વારા ભિલોડા તાલુકામાં પેટ્રોલીંગ હાથ ધરાયું હતું. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ સીલાસણથી ધોલવાણી તરફ જવાના રસ્તા ઉપરથી ઓટો રીક્ષામાંથી વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની બોટલ નંગ-૧૯૬ કિંમત રૂા.૨૩,૨૦૦/-ઓટો રીક્ષાની કિંમત રૂા.૧,૦૦,૦૦૦/-સહિત કુલ મુદ્દામાલ રૂા.૧,૨૩,૨૦૦/-નો ઝડપી પોલીસે કાયદેસરની કાર્યવાહી પોલીસએ હાથ ધરી છે.

મનપાની ક્રિકેટ ટીમ જામનગર ટૂર્નામેન્ટમાં જશે

ગાંધીનગર મહાનગર પાલિકાની બે ટીમો મેયર ટીમ અને કમિશ્નરની ટીમ ઈન્ટર શહેર ક્રિકેટ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા માટે જશે. જામનગર ખાતે યોજાનાર આ ટૂર્નામેન્ટ માટેનો ખર્ચ કરવાની સત્તા ચેરમેનને આપવામાં આવી છે. આજે મળેલ સ્થાયી સમિતિએ મનપામાં ભરતી માટે જીટીયુને સત્તા આપવા ઉપરાંત લેન્ડ ફિલ્ડ સાઈટ માટે રૂપાંતર કર ભરવા માટેની દરખાસ્તને પણ બહાલી આપવામાં આવી છે.

રાજ્ય સરકારના બજેટમાં તમામ વર્ગને આવરી લેવાયો છે : દિનેશસિંહ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્યના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને તમામ વર્ગોને આવરી લેતું બજેટ આજે વિધાનસભામાં નાણામંત્રી દ્વારા રજુ કરવામાં આવ્યું હતું. બજેટમાં સરકારી યોજના માટે ફાળવાતી રકમ તથા વિશિષ્ટ જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકાર દ્વારા રજુ કરવામાં આવેલા બજેટ મુદ્દે ગુજરાત સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના સેક્રેટરી દિનેશસિંહ ચાવડાએ જણાવ્યુ હતુ કે, બજેટમાં મહત્વપૂર્ણ ગણી શકાય તેવી કૃષિ માટે કોલ્ડ સ્ટોરેજ ક્ષમતા ૨૨ થી ૩૦ મેટ્રિક ટન વધારા માટેની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત, યુવાનો માટે સરકારી-બિનસરકારી સહિત કુલ ૫૦,૦૦૦ નોકરી માટે ભરતી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. તેમજ બહેનોને સ્વનિર્ભર બનાવવા માટે અને ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીને પ્રોત્સાહિત કરવા પગારની રકમ ઉપરાંત રૂ. ૪૦૦૦ની સહાય આપવામાં આપવામાં આવશે. આરોગ્યક્ષેત્રે મા અમૃતમ યોજનામાં આવકની મર્યાદા ૨ લાખથી વધારીને ૩ લાખ કરવાની જોગવાઈ મહત્વપૂર્ણ છે.

દિનેશસિંહે વધુમાં જણાવ્યું છે કે, વિદ્યાર્થીઓને ગતવર્ષની જેમ આ વર્ષે પણ ત્રણ લાખ ટેબલેટ રૂ. ૧૦૦૦ની કિંમતે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તેમજ રાઈટ ટુ એજ્યુકેશન માટે રૂ. ૧૦૮૧ કરોડની ફાળવણી એ સારૂ યોગદાન છે. સરકાર દ્વારા નર્મદા યોજનામાં માઈનોર કેનાલ માટે તથા શાખા નહેરોના પમ્પીંગ સ્ટેશન વિસ્તરણ માટે ધ્યાન આપવામાં આવ્યું છે. પરંતુ નર્મદા યોજનામાં ડીસ્ટ્રીબ્યુટરી કેનાલ સુધીનું કામ વેળાસર પૂર્ણ થાય તો જ ખેતીની જમીનને પાણી પુરૂ પાડવાનું લક્ષ્ય સિદ્ધ થઈ શકે તેવું દિનેશસિંહે જણાવ્યું હતું.

મેઘરજ ગામ પંચાયત હસ્તકની સર્વે નં. ૧૬૪ હેઠળની કરોડોની જમીન પર ભૂ-માફિયાઓનો કબ્જો

મેઘરજ, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરના સરકારી વિશ્રામ ગૃહથી લઈ મોડાસા મેઘરજ પંચાલ રોડ, ઢેકડી સુધી ગામ પંચાયત મેઘરજ હસ્તક ગૌચરની જમીનના સર્વે નં. ૧૬૪ થી ૭૦ હેક્ટર ઉપરાંતની જમીનમાં દબાણકર્તાઓ દ્વારા દબાણ કરી ગૌચરની જમીનનું નામો નિશાન બદલી નાખતા નગરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

આધારભુત પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લાના મેઘરજ નગરમાં અરવલ્લીની ગીરીમાળાઓની તળેટીમાં આવેલી મેઘરજ ગામ પંચાયત હસ્તકની ગૌચરની જમીનના સર્વે નં. ૧૬૪(અ) અને (બ)ની કુલ ૧૭૫ હેક્ટર ૮૦ આરે ૭૯ ચો.મી. ગૌચર જમીન આવેલી છે. જે મેઘરજ ગામ પંચાયત હસ્તકની ગૌચર તરીકે ઓળખાય છે. તેવી આ જમીનમાંથી વનવિભાગને ફોરેસ્ટ એક્ટ મુજબ ૮૬ હેક્ટર ૮૧ આરે ૬૯ ચો.મી. ભાડાપેટે સરકારે આપેલ છે. તેમજ સ્મશાન સમાધી માટે ૩૦ આરે ૩૫ ચો.મી., મોડાસા મેઘરજ પંચાલ રોડમાં ૩૩ આરે ૩૩ ચો.મી. અને ૧૭ હેક્ટર ૩ આરે ૪૧ ચો.મી. જમીન નગરના જમીન વિહોણા અને સમૃદ્ધ નાગરીકોને ખેતી કરી પરિવારનું ગુજરાન ચલાવવા માટે આપી છે. અને ૧ હેક્ટર જમીન નં. જી.એચ/કુએલ/૫૫૧૨/૭૦૨૦/૨૪ ખનીજ શાખા તારીખ ૩૦-૧૧-૧૦ના હુકમથી શરતોને આધીન જમીન ૧૦ વર્ષ માટે ક્વોરીલીઝ મંજુર કરી આપવામાં આવી છે. તેવી આ ગૌચરની ભાડાપેટે, ક્વોરી લીઝ અને જમીન વિહોણા લોકો સહિત આપેલ જમીનને બાદ કરતા ૭૦ હેક્ટર ૩૨ આરે ૧ ચોમી. ગૌચરની જમીન રેકર્ડ ઉપર હયાત છે તેટલી ગૌચરની જમીન ખુલ્લી રહી નથી. ગામ પંચાયત શોધે છે પણ ગૌચરની જમીન મળતી નથી જમીન શોધવા માટે લેન્ડ રેકર્ડ જમીન માપણી કરાવવા રૂપિયા ભરે છે. પણ લેન્ડ રેકર્ડ કચેરી જમીન માપણી કરે છે પણ માપણીની સાથે ચાર હદ ખુંટાની વિગત આપતી નથી જેથી ગામ પંચાયતનું વહિવટીતંત્ર મુંજવણમાં મુકાયું છે અને મેઘરજ નગરના કેટલાક ભુ માફિયાઓએ અને નગરના ગરીબ અસરગ્રસ્તોને સરકારે તેમના જીવન નિર્વાહ માટે ૧૭ જેટલા પરિવારોને જમીન આપી છે તેમાંના કેટલાક પરિવારોએ મળેલા ક્ષેત્રફળ કરતા વધુ કબ્જો જમાવી શરતો અને જોગવાઈઓ વિરૂદ્ધ દસ્તાવેજોથી ઉંચામાં ઉંચા ભાવોથી વેચાણ કરી દિધેલ છે. અને સરકારે જે હેતુથી જમીન આપી હતી તે હેતુ સરકારનો બર આવતો નથી. મેઘરજ નગરમાં દિનપ્રતિદિન ગામતળની જમીનોના ભાવો ઉંચકાય છે અને વ્યાપક પ્રમાણમાં દબાણો થયેલ છે. આ અંગે જમીન વિહોણાઓએ કબ્જો કરી દિધેલ છે. આ અંગે વિઝીલન્સ મારફતે તપાસ કરવામાં આવે તો મેઘરજ ગામ પંચાયત હસ્તકની ગૌચરની જમીન ખુલ્લી કરાવી શકાય તેમ છે. આ અંગે મેઘરજ ગામ પંચાયતે ઉચ્ચ કક્ષાએ સંખ્યાબંધવાર લેન્ડ કચેરી અને સીટીસર્વેની કચેરીને રજુઆત કરવા છતાં પરિણામ શુન્ય મળેલ છે. તો આ બાબતે રાજ્ય સરકાર અને જિલ્લા કલેક્ટર કડક હાથે કામ લે તેવી નગરજનોની માંગણી છે.

કોંગ્રેસનો હોબાળો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સૌનો સાથ, સૌનો વિકાસના નામે મસમોટા બણગાં ફુંકયા પણ રાજયના છેવાડાના માનવી સુધી હજુ બુનિયાદી તેમ માળખાકીય સુવિધાઓ અને લાભો પહોંચાડવામાં પણ સરકાર નિષ્ફળ રહી છે. પ્રજાના કરોડો રૂપિયા ભાજપ સરકારે તેના તાયફાઓ, મેળાવડા અને ઉત્સવો પાછળ પોતાના અંગત સ્વાર્થમાં ખર્ચી રહી હોવાનો ગંભીર આક્ષેપ પણ કોંગ્રેસના ધારાસભ્યોએ લગાવ્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાં જોરશોરથી પાણી વગરની રૂપાણી સરકાર નહી ચલેગી, નહી ચલેગી, નર્મદાનું પાણી રૂપાણી પી ગયા, દલિત વિરોધી, ખેડૂત વિરોધી સરકાર નહી ચલેગી, નહી ચલેગી, ગામડા વિરોધી સરકાર, ખેડૂત વિરોધી સરકાર નહી ચલેગી સહિતના જોરદાર સૂત્રોચ્ચાર કરી ગૃહ ગજવી મૂકયું અને શાસકપક્ષ પર હાવી થઈ ગયા હતા. વિપક્ષના સભ્યોએ ભાજપ સરકારને ચાબખા મારતાં જણાવ્યું કે, ભાજપના શાસનમાં ખેડૂતોને ટેકાના ભાવો મળતા નથી, નર્મદાનું પાણી ચૂંટણીના તાયફાઓ અને ઉત્સવોમાં વાપર્યું, પ્રચાર ઉત્સવ માટે વડાપ્રધાન મોદીએ સી પ્લેન ઉડાડયું, આજી ડેમ ભરવા કચ્છની યોજના પાછળ નર્મદાનું પાણી વેડફી નાંખ્યું છે અને આજે પરિસ્થિતિ એ આવીને ઉભી છે કે, પ્રજાને પીવાનું અને ખેડૂતોને સિંચાઈનું પાણી મળતુ નથી.હર્ષદ રીબડીયાએ મગફળી ગૃહમાં ઉછાળી સરકાર પર માર્મિક પ્રહારો કર્યા હતા. વિપક્ષના સભ્યોએ તેમાં સૂર પૂરાવતાં જણાવ્યું કે, મગફળીના ગોડાઉનો સળગી ગયા પરંતુ સરકાર આરોપીઓને સજા કરવામાં નિષ્ફળ ગઈ છે. રાજયમાં બેરોજગારી, મોંઘુ શિક્ષણ કથળેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ, પેટ્રોલ-ડિઝલ પર ઉંચા વેરાની વસૂલાત સહિતના અનેક પ્રાણપ્રશ્નો હોવા છતાં સરકાર પ્રજાના ખિસ્સામાંથી પોતાના અંગત સ્વાર્થ અને રાજકારણ માટે બિન્દાસ્ત રીતે નાણાં ખેરવી રહી છે. એક રૂપિયાના ટોકનભાવે ઉદ્યોગપતિઓને જમીનો ફાળવાય છે, જયારે ગામડાઓમાં ખેડૂતો જમીનવિહોણા બનતા જાય છે. સરકાર સ્વદેશીની મોટી મોટી વાતો કરે છે પરંતુ વિદેશી અનુકરણ અને વિદેશી પ્રોડકટો લોકોના ઘર સુધી પહોંચી છે. રાજયમાં ભૂમાફિયાઓનો ત્રાસ ઘણો વધ્યો છે. ત્રાસવાદના મુદ્દે મોટી વાતો કરનાર ભાજપ આ મુદ્દે પણ સરેઆમ નિષ્ફળ રહી છે. ગુજરાત સહિત દેશની સરહદો પર હજુયે નિર્દોષ સૈનિકો શહીદ થઈ રહ્યા છે અને આંતકવાદી હુમલા ઓછા થતા નથી. વિપક્ષના સભ્યોના વાકપ્રહારોનો સરકાર તરફથી કોઈ જવાબ નહી મળતાં વિપક્ષે ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો.

આજે મતદાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સવારે ૮ વાગ્યાથી શરૂ થનાર આ મતદાન માટે ઈવીએમનો ઉપયોગ કરવામાં આવનાર છે. આજે પાંચ વાગ્યા સુધી આ મતદાનની પ્રક્રિયા ચાલશે. આ ચૂંટણીમાં નવી ડિઝાઈનની મતકુટિરો ઉપયોગમાં લેવામાં આવનાર છે. આ ચૂંટણી માટે નિરીક્ષક તરીકે મુકાયેલા મદદનીશ ગ્રામ વિકાસ કમિશ્નર તન્ના પણ આખો દિવસ તાલુકાનો પ્રવાસ કરનાર હોવાનું જાણવા મળેલ છે. આ માટે પુરતો પોલીસ બંદોબસ્ત પણ ફાળવવામાં આવેલ છે. સ્થાનિક પોલીસની સાથે એસઆરપીના જવાનોને પણ ફરજ સોંપવામાં આવી છે. આ ચૂંટણીમાં બે હજારથી વધુ કર્મચારીઓ ફરજ બજાવશે.

જાનની બસ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આસપાસના રહીશો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અને બસમાં ફસાયેલા લોકોને કાચ તોડી બહાર કાઢયા હતા. બાદમાં રોષે ભરાયેલા લોકોએ બસને આગ લગાવી દીધી હતી. બનાવથી જાણ થતા પોલીસ અને અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ દોડી આવ્યા હતા. ગોપાલપુર થાન વિસ્તારમાં રહેતા કેવટનાં લગ્ન હતાં. અને તમામ જાનૈયા સાંજે છ વાગે બસમાં નીકળ્યા હતા. બસ કંડાપ ગામ નજીક પહોંચતાં જ ચાલકે બસ પરનો કાબૂ ગુમાવતા બસ ૨૦ ફૂટ ઊંડા ખાડામાં ખાબકી હતી.જેના કારણે બસની છત પર બેઠા હતા તે જાનૈયા દૂર પડી ગયા હતા. જ્યારે બસની અંદર બેઠેલા લોકો એકબીજા સાથે દબાઈ જતાં નાસભાગ મચી ગઈ હતી. આ ઘટનાથી લગ્નનો આનંદ માતમમાં ફેરવાઈ ગયો હતો. લોકોની બૂમાબમથી માહોલ બદલાઈ ગયો હતો. દરમિયાન વરરાજા જય કેવટના ભાઈ ધીરજે જણાવ્યું કે કેવટ પણ આ બસમાં જ આવવાનો હતો પરંતુ છેલ્લી ઘડીએ તેણે નિર્ણય બદલી અન્ય કેટલાક લોકો સાથે કારમાં ગયો હતો. તેથી નસીબથી તેનો આબાદ બચાવ થયો હતો. તેણે વધુમાં જણાવ્યું હતું કે જાનૈયા ભરેલી બસ જ્યારે ઉપડી હતી ત્યારે બસમાં મોટા અવાજથી ગીત વાગતું હતું અને તમામ જાનૈયા ખુશ હતા. જોકે બસ ચાલકે પૂરપાટ ઝડપે બસ ચલાવતા રોડ ખરાબ હોવાના કારણે બસનું ટાયર ખાડામાં પડતાં બસ પલટી ખાઈ ગઈ હતી.

અંદાજપત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અમદાવાદમાં ચાલી રહેલા મેટ્રો રેલવેના કામકાજ માટે ૫૯૨ કરોડ રુપિયા ફાળવવામાં આવ્યા છે. સરકારે નર્મદા અને જળસંપત્તિ માટે ૧૪૮૯૫ કરોડની જોગવાઈ કરી છે.

પ્રાથમિક શાળાના નવા રૂમ બનાવવા ૬૭૩ કરોડ ફાળવાયા છે. ઊર્જા માટે ૮૫૦૦ કરોડ અને મધ્યાહન ભોજન માટે ૧૦૮૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. ગુજરાતના શિક્ષણ માટે સરકારે ૨૭૫૦૦ કરોડનો ખર્ચ કર્યો છે. એ ઉપરાંત અમદાવાર-બગોદરા-રાજકોટ હાઈવે સિક્સલેન બનાવવા માટે ૨૭૫૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે. વર્લ્ડ હેરિટેજ સિટી મ્યુઝિયમ બનાવવા ૨૦ કરોડ ફાળવાશે.

મા વાત્સલ્ય યોજનાનો લાભ હવે ત્રણ લાખ રુપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવાર પણ લાભ લઈ શકશે. તેમને ત્રણ લાખની સહાય મળશે. સિનિયર સિટીઝનો માટે આ મર્યાદા છ લાખ રહેશે અને તેમાં સહાયની મર્યાદા ૫ લાખ રહેશે. એક પગનું ની રિપ્લેસમેન્ટ કરાવવું હોય તો ૪૦,૦૦૦ અને બંને પગમાં ૮૦,૦૦૦ રુપિયાની સરકાર મદદ કરશે. આરોગ્ય ક્ષેત્રે સુધારા કરવા તેમજ જરુરિયાતમંદો સુધી તેનો લાભ પહોંચાડવા માટે આ વખતના બજેટમાં ૭૯૫૦.૫૦ કરોડ રુપિયાની ફાળવણી કરવામાં આવી છે. ગયા બે વર્ષમાં ૭૩,૦૦૦ સરકારી કર્મચારીઓની ભરતી થઈ છે. આ વર્ષે વધુ ૩૦,૦૦૦ કર્મચારીઓની ભરતી કરવાનો દાવો નાણામંત્રીએ તેમના બજેટ પ્રવચનમાં કર્યો હતો. તેમણે કહ્યું કે રોજગાર મેળા થકી ચાર લાખને રોજી મળી છે તેથી આ મેળા ચાલુ રખાશે. એ ઉપરાંત જરૂરિયાતમંદોને ૨૦,૦૦૦ રુપિયાની કિંમતની ટૂલકિટ અપાશે.

સરકારે મહિલાઓને પણ કેન્દ્રસ્થાને રાખી છે. એપરલ એન્ડ ગારમેન્ટ પોલિસી પ્રમાણે મહિલા કામદારોને માસિક ૪૦૦૦ પાંચ વર્ષ સુધી આપવામાં આવશે જેના થકી વર્ષમાં ૫૦,૦૦૦ મહિલાઓ રોજગારી પ્રાપ્ત કરશે. મુખ્યમંત્રી એપ્રેન્ટીશીપ યોજના હેઠળ એક લાખ યુવાનોને રોજગારી આપવામાં આવશે. સરકારના જેન્ડર બજેટમાં મહિલા માટે ૬૨૩૦૨.૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગયા વર્ષ કરતાં તેમાં ૫૮૧૧ કરોડનો વધારો છે. લાયકાત પ્રમાણે સ્નાતકને માસિક ૩૦૦૦, ડિપ્લોમા ધારકને માસિક ૨૦૦૦ અને અન્યને માસિક ૧૫૦૦ આપવામાં આવશે.

જે યુવક-યુવતી એપ્રેન્ટિસ કાયદા હેઠળ આવરી લેવાયેલા કારખાના, હોટેલ, હોસ્પિટલ, ટ્રાન્સપોર્ટ, આઈટી ઉદ્યોગ વગેરે જેવા વ્યાપક રોજગારી આપતા ઉદ્યોગમાં જોડાશે, તેમને કંપની જે પગાર આપશે તે ઉપરાંત, તેવા ગ્રેજ્યુએટને સરકાર દર મહિને ત્રણ હજાર રુપિયા આપશે. ડિપ્લોમા ધારકોને ૨ હજાર રુપિયા, અને ઓછું ભણેલા હશે તો તેમને ૧૫૦૦ રુપિયા અપાશે. એવી જ રીતે પશુપાલન ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના ભાગરુપે દુધાળા પશુઓનો તબેલો બનાવનારા વ્યક્તિને સરકાર ત્રણ લાખ રુપિયાની સહાય કરશે. તેના માટે ૧૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નાણામંત્રી નિતીન પટેલે મેડિકલ એજ્યુકેશન માટે ૩૪૧૩ કરોડ રુપિયાની ફાળવણી કરી છે. તેમણે મુખ્યમંત્રી ગ્રામીણ સડક યોજના માટે ૨૫૧૬ કરોડ રુપિયા ફાળવ્યા છે. દર્દીઓને વિનામૂલ્યે દવાઓ પૂરી પાડવા માટે ૪૭૦ કરોડ રુપિયાની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. ગરીબો અને શ્રમિકોને વિનામૂલ્યે વાસણો મળશે.

તીવ્ર પ્રહારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરતા કહ્યું છે કે, એએપી સરકાર ખુબ જ નબળી સરકાર છે. મુખ્યમંત્રીની સામે ચીફ સેક્રેટરીને ધારાસભ્યો દ્વારા માર મારવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ખુબ જ કમનસીબ બાબત છે. સરકારી નિષ્ફળતાઓથી સરકારનું ધ્યાન અન્યત્ર દોરવાના હેતુસર આ પ્રયાસો થયા છે. એએપી સરકાર ચલાવવામાં નિષ્ફળ છે. બીજી બાજુ ભાજપના દિલ્હી અધ્યક્ષ મનોજ દિવારીએ કહ્યું છે કે, આ ઘટનાક્રમ ખુબ જ શરમજનક છે. આ શહેરી નક્સલવાદ સમાન છે. દિલ્હી વિધાનસભાના નેતા વિપક્ષ વિજેન્દ્ર ગુપ્તાએ કહ્યું છે કે, મુખ્યમંત્રી કેજરીવાલનું ખરાબ વર્તન આમા દેખાઈ આવે છે.